પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઈ, ૨૦૧૯, બુધવાર; અષાઢ વદ - ૧ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પાકિસ્તાન ઝુક્યુ : અંતે એરસ્પેસને ખોલ્યું

**પાંચ મહિનાના ગાળા બાદ પાકિસ્તાને એરસ્પેસ ખોલતા ભારતને મોટી રાહત : બાલાકોટમાં એરસ્ટ્રાઇક કરવામાં આવ્યા બાદ પાકિસ્તાને તેના હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો નિર્ણય કર્યો હતો : ૬૮૮ કરોડના ફટકા બાદ પાકિસ્તાન ઝુક્યું**

નવી દિલ્હી,તા. ૧૬

આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાને આશરે પાંચ મહિનાના ગાળા બાદ પોતાની એરસ્પેસને આજે ખોલી દીધી છે. પાકિસ્તાને કોઈપણ શરત વગર એરસ્પેસને ખોલી દેતા આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. તમામ એરલાઈન્સ માટે પૂર્ણ રીતે પોતાની એરસ્પેસને ખોલી દેતા ભારતને રાહત રહેશે. બાલાકોટમાં ઘુસીને ભારતે હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાને તેની એરસ્પેસ બંધ કરી દીધી હતી. થોડાક દિવસ પહેલા પાકિસ્તાને કહ્યુ હતુ કે તે એ વખત સુધી એરસ્પેસને ખોલશે નહીં જ્યાં સુધી ભારત પોતાની અગ્રીમ પોસ્ટથી યુદ્ધવિમાનોને હટાવશે નહીં. પાકિસ્તાને હવે યુ ટર્ન લઈને કહી દીધુ છે કે એરસ્પેસ બંધ હોવાથી પાકિસ્તાનને ખુબ નુકસાન થઈ રહ્યુ છે. અર્થવ્યવસ્થાના મોરચા પર ખરાબ દોરમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનને છેલ્લા પાંચ મહિનાના ગાળામા જ અબજો ડોલરનુ નુકસાન થઈ ગયુ છે. આવી સ્થિતીમાં તે વધારે સમય સુધી એરસ્પેસને બંધ રાખવાની સ્થિતીમાં ન હતુ. પાકિસ્તાને ભારતીય સમય મુજબ મધ્યરાત્રીએ ૧૨.૩૮ વાગે પાયલોટ માટે પાકિસ્તાનના એરસ્પેસમાં પ્રવેશ નહીં કરવાના આદેશને પરત લઈ લીધો છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યુ છે કે હવે એરલાઈન્સ પાકિસ્તાન એરસ્પેસનો ઉપયોગ કરીને આગળની યાત્રા કરી શકે છે. પાકિસ્તાનને એરસ્પેસ બંધ કરવામાં આવ્યા બાદ ૬૮૮ કરોડનો ફટકો પડી ચુક્યો છે. પુલવામાં ખાતે પાકિસ્તાની ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કરીને ૪૦ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ ભારતે પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડા પર હવાઈ હુમલા કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓના મોત થયા હતા. ત્યારબાદ પાકિસ્તાન અને ભારત વચ્ચેના સંબંધ ખરાબ હતા. પુલવામામાં સીઆરપીએફના કાફલા ૧૪મી ફેબ્રુઆરીના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈમાં ચાર માળની ઈમારત ધરાશાયી

મુંબઈ,તા. ૧૬

ભારે વરસાદના કારણે હાલમાં દેશના વાણિજ્ય પાટનગર મુંબઈની હાલત કફોડી બની હતી. મુંબઈમાં ભારે વરસાદના કારણે હાલમાં અનેક પ્રકારની તકલીફ લોકોએ ઉઠાવ્યા બાદ આજે મુંબઈના ડોંગરી વિસ્તારમાં એક ચાર માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થઈ ચુક્યા છે. હજુ પણ મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ હોવાથી મોતનો આંકડો ખુબ વધી શકે છે. ઘાયલ થયેલા સાત લોકોને કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા છે. ૪૦થી ૫૦ લોકો હજુ પણ ફસાયેલા હોવાનું જાણવા



મળ્યું છે. ૧૫થી વધુ પરિવારના લોકો કાટમાળ હેઠળ ફસાયેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. કાટમાળ હેઠળ ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે. ડોંગરી વિસ્તારમાં કૌસરબાગ નામની ચાર માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. આજે એકાએક ઈમારત તુટી પડી હતી. સુત્રોએ કહ્યુ છે કે ઈમારત ધરાશાયી થવાના કારણે તેમાં રહેતા તમામ લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા છે. ઈમારત સાંકડી શેરીમાં હોવાના કારણે બચાવ અને રાહત કામગીરી આડે ભારે તકલીફ

● અનુસંધાન પાન-૭ પર

**૧૦૦ વર્ષ જુની ઇમારત પત્તાના મહેલની જેમ ધરાશાયી થઇ : દુર્ઘટનામાં ૧૨ના મોત, ૫૦ કાટમાળ નીચે દબાયા : વડાપ્રધાન મોદીએ બનાવના સંદર્ભે દુખ વ્યક્ત કર્યુ : એનડીઆરએફ, ફાયર બ્રિગેડ અને અન્યો દ્વારા બચાવ અને રાહત કામગીરી : મોતનો આંકડો વધશે**

### માનહાનિ કેસમાં કેજરીવાલ તેમજ સિસોદિયાને જામીન

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ અને નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાને માનહાનિના કેસમાં આજે જામીન મળી ગયા હતા. આની સાથે જ બંનેને મોટી રાહત થઈ હતી. તેમની સામે આ કેસ દિલ્હીમાં ભાજપના નેતા વિજેન્દ્ર ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો. આ પહેલા કોર્ટે બંનેને સમન્સ જારી કરીને ૧૬મી જુલાઈના દિવસે કોર્ટમાં હાજર થવા માટે આદેશ કર્યો હતો. કેજરીવાલ હાલમાં બિલકુલ ચર્ચામાં દેખાઈ રહ્યા નથી.

હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સહિત તમામ પાર્ટીઓનો મોદી લહેર વચ્ચે જોરદાર સફાયો થયો હતો. આવી સ્થિતીમાં તેમની પાસે આક્ષેપ કરવા જેવા કોઈ મુદ્દા નથી.

### એન્જિનમાં લીકેજના કારણે ચન્દ્રયાન-૨ની ઉડાણ રોકી

શ્રીહરિકોટા,તા. ૧૬

એન્જિનમાં લીકેજના કારણે ચન્દ્રયાન-૨ની ઉડાણને રોકવાની ફરજ પડી છે. હવે સપ્ટેમ્બર સુધી દેશના તમામ લોકોને ઉડાણ માટે રાહ જોવી પડશે. ચન્દ્રયાન-૨ને સોમવારના દિવસે વહેલી પરોઢે લોંચ કરવાની યોજના તૈયાર હતી. જો કે છેલ્લી ઘડીએ ટેકનિકલ ખામી સર્જાતા આ લોંચને રોકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યોહતો. વૈજ્ઞાનિકે માહિતી આપતા કહ્યુ છે કે એન્જિનમાં લિક્વિડ ઓક્સિજન અને લિક્વિડ હાઈડ્રોજન ભરવાની કામગીરી દરમિયાન કોઈ તકલીફ થઈ ન હતી. ત્યારબાદ હિલિયમ ભરવાનુ કામ ચાલી રહ્યુ હતુ. અમને ૩૫૦ બાર સુધી હિલિયમ ભરવાની જરૂર હતી. સાથે સાથે આઉટપુટને ૫૦ બાર પર સેટ કરવાની જરૂર હતી.

## સંસદમાં ગેરહાજર પ્રધાનો પર મોદી ખફા : યાદી તૈયાર કરાશે

**નિયમિતરુપે હાજરી આપવા સ્પષ્ટપણે આદેશ : ભારતીય જનતા પાર્ટીની સાપ્તાહિક સંસદીય બેઠકમાં મોદી દ્વારા પાર્ટી નેતાઓ તેમજ મંત્રીઓને સ્પષ્ટ આદેશ કરાયો**

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગૃહમાં ગેરહાજર રહેનાર પોતાના મંત્રીઓને લઈને ભારે લાલઘૂમ દેખાયા હતા. મંત્રીઓના આ પ્રકારના વલણથી મોદી એટલા હદ સુધી નારાજ હતા કે, પાર્ટી નેતાઓને સાંજ સુધી ગેરહાજર રહેનાર મંત્રીઓની યાદી તૈયાર કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. આજે મંગળવારના દિવસે ભારતીય જનતા પાર્ટીના સાપ્તાહિક સંસદીય બેઠક યોજાઈ હતી જેમાં મોદીએ પાર્ટી નેતાઓ અને ખાસ કરીને પોતાના મંત્રીઓને કઠોર સંદેશા આપ્યા હતા. મોદી રોસ્ટરમાં હોવા છતાં સંસદમાં ગેરહાજર રહેનાર મંત્રીઓને લઈને નારાજ દેખાયા હતા. મોદીએ આ મુદ્દાને ગંભીરતાથી લઈને આવા મંત્રીઓની યાદી તૈયાર કરવા માટે સંબંધિતોને સૂચના આપી છે. આ ગાળા દરમિયાન મોદીએ સાંસદોને સમાજ સેવા સાથે જોડાયેલા મુદ્દાઓને ઉપાડવા માટે અપીલ કરી હતી. મોદીએ બેઠકમાં

● અનુસંધાન પાન-૭ પર

### કોંગ્રસના સસ્પેન્ડેડ ધારાસભ્ય રોશન બેગની બેંગલુરૂ એરપોર્ટ પરથી ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૧૬

IMA કૌભાંડમાં સામેલ કોંગ્રેસના ધારાસભ્ય રોશન બેગની ધરપકડ કરવામાં આવી છે. રોશને છેલ્લા અઠવાડીયા કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં સામેલ થયા હતા. તેમણે મુંબઈ જવા દરમિયાન બેંગલુરુ એરપોર્ટ પર પોલીસે ધરપકડ કરી લીધી છે.

## આસામ-બિહારમાં પુર : ૬૮ લાખથી વધુ અસરગ્રસ્ત

**બંને રાજ્યોમાં હાલત ખુબ કફોડી બની : આસામમાં ૩૦ જિલ્લાઓ અને બિહારમાં ૧૨ જિલ્લાઓ પુરના સંકજામાં આવ્યા : બિહારમાં મોત આંક ૨૫ થયો**



ગુવાહાટી-પટણા,તા. ૧૬

બિહાર અને આસામાં પુરની સ્થિતી ખુબ ગંભીર બનેલી છે. બંને રાજ્યોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. નીચાણવાળા વિસ્તારો તો જળબંબાકાર થઈ ગયા છે. એકબાજુ આસામમાં પુરની સ્થિતી વધારે વણસી ગઈ છે. રાજ્યમાં ૩૩ જિલ્લાઓ પૈકી ૩૦ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે. આસામમાં મોતનો આંકડો વધીને ૧૫ ઉપર પહોંચી ગયો છે. આવી જ રીતે બિહારમાં પુરના કારણે ૧૨ જિલ્લા સકંજામાં આવી ગયા છે. અહીં મોતનો આંકડો વધીને ૨૫ ઉપર પહોંચી ગયો છે. બિહારમાં આશરે ૨૬ લાખ લોકોને અસર થઈ છે. બંને રાજ્યોમાં કુલ મોતનો આંકડો ૪૦થી ઉપર પહોંચી ગયો છે. એકલા આસામમાં ૪૫ લાખ લોકોને પ્રતિકુળ અસર થઈ છે.ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં સ્થિતિ ગંભીર બનેલી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અસરગ્રસ્ત તમામ લોકોને ૬૮ રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ભારે વરસાદ બાદ ઉભી થયેલી પુરની સ્થિતિના કારણે ૧૫૩૨૧૧ હેક્ટર પાક જમીનને નુકસાન થયું છે. રાજ્ય સરકાર દ્વારા બચાવ કામગીરી વધુ તીવ્ર કરી દેવામાં આવી છે. જે ૩૧ અસરગ્રસ્ત જિલ્લાઓ રહેલા છે તેમાં ધેમાજી, લખીમપુર, સોનિતપુર, બક્સા, બારપેટા, નાલબેરી, ચિરાંગ અને અન્ય જિલ્લાઓનો સમાવેશ થાય છે. આસામમાં પુરના પરિણામ સ્વરુપે વિશ્વપ્રસિદ્ધ કાજીરંગા નેશનલ પાર્કમાં ૭૦ ટકા પાણી ઘુસી ગયા છે. ૯૫ કેમ્પોમાં પણ પાણી ઘુસી ગયા છે.

### હવે વીજળીમાં પણ પ્રિ-પેડ સિસ્ટમ

ન્યુ દિલ્હી,તા.૧૬

હવે ઘરમાં અજવાળા જોઈતા હશે તો પહેલાં તેનું ચૂકવણું કરવું પડશે પછી જ રોશનીનો ઝગમગાટ જોઈ શકાશે. ભારત એક નવી વ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે જે અનુસાર વીજળીનો વપરાશ કરતાં લોકોએ પહેલાં ચૂકવણું કરવું પડશે પછી જ તેને વીજળી મળી શકશે. જેવી રીતે મોબાઈલ ફોનમાં પ્રિ-પેડ સિસ્ટમ હેઠળ પહેલાં ચૂકવણું કરવું પડે છે તેવી જ રીતે હવે વીજળીના વપરાશ માટે પણ પહેલાં નાણાં ભરવા પડશે પછી જ વીજળી વાપરી શકાશે. ઉર્જામંત્રી આર.કે.સિંહે કહ્યું છે કે સરકાર સમગ્ર દેશમાં આ મુજબની નવી વ્યવસ્થા ગોઠવવા જઈ રહી છે. જો કોઈ રાજ્ય સમાજના અમુક વર્ગોને મફતમાં વીજળી આપવા માગે તો તેઓ આપી શકે છે પરંતુ જે તે રાજ્યમાં ખર્ચાયેલી વીજળીના બિલનું ચૂકવણું રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી કરવાનું રહેશે.

## કર્ણાટક કટોકટી અંગે આજે સુપ્રીમનો ફેંસલો આવી શકે

**સવારે ૧૦.૩૦ વાગે સુપ્રીમ કોર્ટ ફેંસલો કરશે : સુપ્રીમ કોર્ટના ચુકાદા પર હવે નજર : કર્ણાટકમાં રાજકીય ઘમસાણની વચ્ચે તમામ પક્ષો તરફથી રજૂ કરાયેલ દલીલ**

નવી દિલ્હી, તા. ૧૬

કર્ણાટકમાં જેડીએસ-કોંગ્રેસ ગઠબંધનના અસંતુષ્ટ ધારાસભ્યો અને સ્પીકરની અરજીઓ ઉપર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. આજે કોર્ટમાં સંબંધિત પક્ષોએ પોતપોતાની દલીલો રજૂ કરી હતી. કોર્ટે દલીલો પર સુનાવણી સાંભળ્યા બાદ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટ હવે આવતીકાલે સવારે ૧૦.૩૦ વાગે આ મામલામાં ચુકાદો આપશે. અસંતુષ્ટ ધારાસભ્યોએ કોર્ટ સમક્ષ માંગ કરી છે કે, તેઓ સ્પીકરને તેમના રાજીનામાને સ્વીકાર કરવા માટેના આદેશ જારી કરી જ્યારે સ્પીકરે આજે કોર્ટમાંથી યથાસ્થિતિ જાળવી રાખવા માટેના આદેશને પરત લેવાની માંગ કરી હતી. અસંતુષ્ટ ધારાસભ્યો તરફથી કોર્ટમાં દલીલ રજૂ કરતા મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, ધારાસભ્યોને રાજીનામુ આપી દેવાના મૂળભૂત અધિકાર રહેલા છે. આને કોઈ કિંમતે રોકી શકાય નહીં. બંધારણની વ્યવસ્થા મુજબ રાજીનામા તરત સ્વીકારી લેવા જોઈએ. જ્યાં સુધી નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી ગૃહમાં ઉપસ્થિત થવાની મંજુરી મળવી જોઈએ. સ્પીકર તરફથી દલીલ રજૂ કરતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, અયોગ્યતા અને રાજીનામામાં અધિકાર તમામના રહેલા છે. અયોગ્યતા અને રાજીનામાના સંદર્ભમાં નિર્ણયનો અધિકાર સ્પીકરનો રહેલો છે.

● અનુસંધાન પાન-૭ પર

### દિલ્હી પોલીસ દ્વારા આતંકી બસીર અહેમદની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૧૬

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી બસીર અહેમદની ધરપકડ થઈ છે. દિલ્હી પોલીસે બસીર પર ૨ લાખ રૂપિયાનુ ઈનામ જાહેર કર્યુ હતુ.

બાતમીના આધારે સ્પેશ્યલ સેલે મંગળવારે બસીર અહેમદની ધરપકડ કરી છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

૨૦૦૭માં દિલ્હી પોલીસની સાથે એન્કાઉન્ટર બાદ બસીરની ધરપકડ થઈ હતી. બાદમાં નીચલી કોર્ટમાંથી બરી થઈ ગયો હતો. જોકે હાઈકોર્ટે આને સજા સંભળાવી હતી. જામીન મળ્યા બાદ હાઈકોર્ટમાં હાજર થઈ રહ્યો નહોતો, તેથી કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૯૮૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩

શ્રી ભારતીબાપુના જન્મદિન નિમિતે
॥ સુંદરકાંડ પાઠ ॥
: તારીખ :
૧૭/૦૭/૧૯, બુધવાર
: સમય :
સાંજે ૪:૦૦ થી ૭.૦૦
ભોજન સાંજે ૭.૦૦ કલાકે
ભારતીબાપુ
વ્યાસપીઠ : શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ
સુંદરધામ : મો.૮૧૪૧૨૧૭૦૫૦
-: નિમંત્રક :-
સુંદરધામ પરિવાર
સ્થળ: ડૉ બાબા સાહેબ આંબેડકર હોલ, સે.૧૨, ગાંધીનગર
શ્રાવણમાસના પ્રથમ દિવસથી લક્ષ ચેનલમાં લાઈવ શિવકથાનું આયોજન છે.